## @ગાંધીનગર

● સે-૨-બી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથા યજ્ઞમાં સુદામા ચરિત્રને આવરી લેવાશે. ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે તુલસી વિવાહ યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત 'ગુજજુભાઈ બન્યા દબંગ' નાટક પ્રસ્તુત કરાશે.

● સે-૧૪ મહાત્મા મંદિર ખાતે એન્વાયર ઓટેક એશિયાનો એકઝીબીશન અને કોન્ફરન્સ પ્રોગ્રામ યોજાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે શ્રીમદ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ચિલોડા પાસે બે શૉ રૂમ તસ્કરોના ટાર્ગેટ બન્યા

## કોમ્પ્લેક્ષમાં દુકાનો બહાર લાગેલા તમામ સીસી ટીવી કેમેરા તોડી નાંખીને શો રૂમમાં ઘુસેલા તસ્કરો કેમેરામાં પકડાઈ ન જાય તે માટે ડીવીઆર પણ હોજમાં ફેંકી ગયા : બે શખ્સો કેમેરામાં



ગાંધીનગર, તા.૧

રાત્રી દરમિયાન ચિલોડા સર્કલ નજીક સ્થિત શકિત કોમ્પ્લેક્ષમાં બાઈકનાં બે શૉ રૂમને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યા હતા. જો કે એક શૉ રૂમમાંથી કાંઈ મળ્યું ન હતું પરંતુ કેશર ભવાની હીરો મોટર સાયકલના શૉ રૂમમાં વેન્ટીલેશન બારીના સળિયા તોડીને ઘુસેલા તસ્કરો ચાંદીના ૧૦ સિક્કા અને રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. તસ્કરો કેમેરામાં કેદ ન થઈ જાય તે માટે કોમ્પ્લેક્ષની દુકાનોના બહારમાં તમામ કેમેરા તોડી નાંખીને શૉ રૂમમાં ઘુસ્યા બાદ જયાં કેમેરાનું રેકોર્ડીંગ સ્ટોર થાય તે ડીવીઆર તોડી પાણીને હોજમાં ફેંકી દીધું હતું. જો કે આસપાસની દુકાનોના કેમેરાના ડીવીઆરમાં બે શખ્સો કેદ થઈ જતા ચિલોડા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

ચિલોડાથી અમદાવાદ તરફના માર્ગ પર સર્કલ નજીક સ્થિત શકિત કોમ્પ્લેક્ષમાં દુકાનો બહાર લાગેલા કેમેરા તસ્કરોએ તોડી નાંખ્યા હતા પરંતુ ત્યાં સુધીનું રેકોર્ડીંગ ડીવીઆરમાં સ્ટોર થઈ ગયું હતું. રાત્રે બે વાગ્યાના અરસામાં એક ખુલ્લા ચહેરે અને બીજો મોં પર રૂમાલ બાંધીને આવેલો ચોર કોમ્પ્લેક્ષની દુકાનોના સીસીટીવી કેમેરા તોડતા કેદ થયા છે. કેમેરા તોડયા બાદ દુકાન નં. ૪૩ ને ૪૪માં સ્થિત કેશર ભવાની હીરો મોટર સાયકલના શૉ રૂમની પાછળની દિવાલનાં વેન્ટીલેશનની બારીના સળીયા તોડી તસ્કરો શૉ રૂમમાં ઘુસ્યા અને અંદરથી ૯ ગ્રામ વજનના ૧૦ ચાંદીના સિક્કાઓ તથા રોકડ રૂ. ૨૫૦૦ મળી કુલ રૂ.૬૫૦૦નો મુદ્દામાલ ચોરી કરી ગયા હતાં. જતા જતા શૉ રૂમનું ડીવીઆર તોડીને પાણીના હોજમાં ફેંકી બાજુના હીરો હોન્ડાના શૉ રૂમમાં પારસ ઓટો કેરમાં ચોરી કરવા ઘૂસ્યા હતાં. પારસ ઓટો કેરના શટરને તોડીને તસ્કરો અંદર ઘુસ્યા પરંતુ કાંઈ હાથમાં આવ્યું ન હોવાથી તેના માલિકે પોલીસ ફરીયાદ આપવાનું ટાળ્યું છે. કેશર ભવાની શૉ રૂમના માલિક પ્રાંતિજના રહેવાસી નવટરભાઈ રણછોડભાઈ પટેલની ફરીયાદને આધારે ચિલોડા પીએસઆઈ જે.બી. ચાવડાએ ગુનો દાખલ કરી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સે-૮માં સ્થિત વર્ષોથી બંધ પડેલા મકાનનું તાળુ તુટયું

ગાંધીનગર શહેરના સેકટર-૮-બી પ્લોટ નં. ૬૬૩/૧ નંબરનું મકાન ચારેક વર્ષથી બંધ હાલતમાં છે. મકાનમાલિકના જમાઈ નડિયાદ રહે છે તે કયારેક મકાનની દેખરેખ માટે આવતા જતા હોય છે. દરમિયાન આજે સવારે માળી પાણી છાંટવા આવ્યો ત્યારે મકાનના દરવાજાનું તાળુ તુટેલું જોઈ મકાનમાલિકના જમાઈને જાણ કરી હતી તે તાત્કાલિક ગાંધીનગર આવી ગયા હતા. મકાનમાં સરસામાન વેરવિખેર હતો પરંતુ કોઈ કિંમતી ચીજવસ્તુ રાખતા ન હોવાથી કાંઈ ચોરી થયું ન હતું. ઘરફોડ ચોરીના પ્રયાસની ફરિયાદ લઈ સે-૭ પોલીસથકના પીએસઆઈ વી.એસ. રબારીએ ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તા. ૩ ડિસેમ્બરને ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨ સ્વસ્તિક કોપ્લેક્ષના બીજા માળે સમાજની કાર્યવાહક સમિતિની બેઠક મળશે. આ બેઠકમાં 'અમૃત મહોત્સવ ૨૦૧૫' અંગેની કામગીરીની વહેંચણી કરવા અંગેના કાર્યો તેમજ અન્ય અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા કરાશે. બેઠકમાં હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ હાજર રહેવા જણાવ્યું છે.

## સે-૨૭ સ્વસ્તિક સોસાયટીનો નૂતન વર્ષાભિનંદન કાર્યક્રમ

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્થિત સ્વસ્તિક સોસાયટી ખાતે આગામી તા. ૨૦ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે નૂતન વર્ષાભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વસાહતીઓ દ્વારા સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને સન્માનવામાં આવશે. આ કાર્યક્રમમાં સોસાયટીના તમામ વ્યકિતને હાજર રહેવા સોસાયટીના પ્રમુખ કે.પી. પરમારે અનુરોધ કર્યો છે.

## ભારત વિકાસ પરિષદનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ભારત વિકાસ પરિષદ દ્વારા આગામી તા. ૫ ડિસેમ્બરના રોજ સાંજે ૬.૦૦ કલાકે હોટલ ઘુંઘટ ગાંધીનગર ખાતે સ્નેહમિલન સમારોહનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન સમારોહમાં હાજર સભ્યો માટે વિવિધ આશ્ચર્યજનક રમતોનું આયોજન કરાયું છે. ભારત વિકાસ પરિષદના તમામ સભ્યોને તથા પરિષદમાં જોડાવા ઈચ્છતા ઈચ્છુક નવા સભ્યોને સહ પરિવાર સાથે ઉપસ્થિત રહેવા પરિષદના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ રાવલે અનુરોધ કર્યો છે.

# સે-૪માં છેલ્લા પાંચ દિવસથી અંધકારનું સામ્રાજય

## ઓમકારેશ્વર મહાદેવ તથા શનિદેવ મંદિરની આસપાસના વિસ્તારના તમામ આંતરિક માર્ગો પર સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી રહીશોની હાલત કફોડી : મહિલાઓ-વડીલોને પસાર થવું મુશ્કેલ બન્યું : ઘર આગળ પાર્ક કરાયેલા વાહનોમાંથી પેટ્રોલ ચોરાવા લાગ્યાં : અનેક ફરીયાદો કરવા છતાં ટોરેન્ટ પાવરની નિભંરતા : ઉડાઉ જવાબોથી રહીશો સ્તબ્ધ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવ તથા શનિદેવ મંદિર નજીકના વિસ્તારમાં તમામ આંતરિક માર્ગો પર છેલ્લા પાંચેક દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે રાત્રિના સમયે અંધકારનું સામ્રાજય ફેલાવા પામ્યું છે. આ વિસ્તારના વસાહતીઓ દ્વારા ટોરેન્ટ પાવર કંપનીમાં અસંખ્યવાર રજૂઆત કરવા છતાં કોઈ અગમ્ય કારણોસર કંપનીના સત્તાવાળાઓ દ્વારા આ મુશ્કેલી અંગે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે જેના કારણે રહીશોની હાલત કફોડી બનવા પામી છે. શિયાળાની ઋતુમાં સાંજે અંધારું વહેલું થઈ જતું હોઈ આ વિસ્તારમાં ખાસ કરીને મહિલાઓ, સિનિયર સીટીઝનો તથા બાળકોને પસાર થવું ખુબ મુશ્કેલીભર્યું બની જવા પામ્યું છે. વળી આ વિસ્તારમાં ઘરની બહારે પાર્ક કરાયેલા બાઈક-સ્કુટરોમાંથી પેટ્રોલ ચોરી થવાના બનાવો વધી જવા પામ્યાં છે.

છેલ્લા પાંચેક દિવસથી સે-૪ના રહીશો સ્ટ્રિટ લાઈટો વગર હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ઘણા જાગ્રત રહીશોએ ટોરેન્ટ પાવર કંપનીમાં ફોન



કરી ફરિયાદ નોંધાવી છે. આમ છતાં હજુ પણ સ્ટ્રીટ લાઈટોનું સમારકામ કરવા માટે કંપની તરફથી કોઈ જ પગલાં ભરવામાં નથી આવ્યા. રહીશોનું કહેવું છે કે છુટી છવાઈ બે-પાંચ સ્ટ્રીટલાઈટો બંધ હોય તો એટલી મુશ્કેલી ના પડે, પરંતુ આ વિસ્તારના આશરે ૫૦ થી ૬૦ સ્ટ્રીટલાઈટના પોલ માત્ર શોભાના ગાંઠીયા બની જવા પામ્યાં છે. આ તમામ પોલ પર માત્ર લાઈટો બંધ છે એટલું જ નહીં પરંતુ ઘણાની લાઈટો તુટી જવા પામી છે તો ઘણા પોલ જ ખખડધજ થઈ ગયા છે. કેટલાક વીજપોલ તો લાંબા સમયથી બંધ હાલતમાં છે અને તે અંગે પણ અનેકવાર રજૂઆતો કરાઈ છે.

ટોરેન્ટ પાવર કંપનીમાં કરેલી ફરિયાદના અનુસંધાનમાં રહીશો દ્વારા સમસ્યા ઉકેલાઈ ના હોવાથી તેમની ફરિયાદનો નિકાલ કયારે કરાશે તે જાણવા ફરી ફોન કરાય તો સંતોષકારક જવાબ મળતો નથી અને જો ઉપરી અધિકારીનો નંબર માંગવામાં આવે તો ગલ્લાં તલ્લાં કરાય છે. સ્ટ્રીટલાઈટો બંધ હોવાના કારણે આ વિસ્તારમાં રાત્રિના સમયે બહેન-દિકરીઓને ઘરની બહાર નીકળવું મુશ્કેલીભર્યું બની જવા પામ્યુંછે. સે-૪-એ શહેરના છેવાડાનું સેકટર હોવાથી સતત અસામાજિક તત્ત્વોનો ભય રહે છે. છેલ્લા બે ત્રણ દિવસથી દરરોજ રાત્રે આ વિસ્તારમાં રહીશોના ઘર આગળ પાર્ક કરાયેલ ટુ વ્હીલર્સ જેવા કે બાઈક, સ્કૂટર, મોપેડ વગેરેમાંથી પેટ્રોલ ચોરીના કિસ્સા પણ વધી જવા પામ્યાં છે તથા ચેઈન સ્નેચર્સ વગેરેનો ખતરો પણ પેદા થવા પામ્યો છે. સેકટરના તમામ આંતરિક માર્ગો પરની સ્ટ્રીટલાઈટો સત્વરે ચાલુ કરાય તેવી વસાહતીઓમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

# નવા સચિવાલયમાં દારૂની બોટલ સાથે ઘુસેલો બીએસએફ જવાન પકડાયો

ગાંધીનગર, તા.૧

ભુજ બીએસએફ કેમ્પમાં રહેતો જવાન ગઈ કાલે નવા સચિવાલય ગૃહ વિભાગમાં હથિયાર લાયસન્સની કોઈ પ્રક્રિયા માટે આવ્યો હતો. બ્લોક નં. ૨ નીચે ચેકીંગ દરમિયાન જવાન પાસેથી વિદેશી દારૂની ભરેલી બોટલ મળી આવી હતી. સિકયુરીટી ગાર્ડે સલામતી શાખાને અને સલામતી એ સે-૭ પોલીસને દારૂની બોટલ સાથે સચિવાલયમાં ઘુસેલા જવાન અંગે જાણ કરતા સે-૭ પોલીસે તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી લીધી હતી.

ભુજ બીએસએફ કેમ્પમાં રહેતો મુળ વિજાપુરનો રહેવાસી બીએસએફ જવાન મહમ્મદ સાહીદ ગુલાબહુસેન સૈયદ ગઈ કાલે તેના

## જવાન હથિયાર લાયસન્સની પ્રક્રિયા માટે ગૃહ વિભાગમાં બોટલ લઈને જઈ રહ્યો હતો

હથિયાર લાયસન્સને લગતી કોઈ પ્રક્રિયા માટે નવા સચિવાલય આવ્યો હતો. બપોરે સચિવાલયમાં પ્રવેશ મેળવ્યા બાદ બ્લોક નં. ૨માંથી ગૃહ વિભાગમાં જઈ રહ્યો હતો ત્યારે બ્લોક નં. ૨ નીચે જીઆઈએસએફ સિકયુરીટી ગાર્ડ ચેકીંગ કરી રહી હતી. મહિલા સિકયુરીટી ગાર્ડ ઈન્દુબેન પટેલે જવાનની તલાશી લીધી તો તેની પાસેથી રોયલ સ્ટેગ વિદેશી દારૂની આખી બોટલ મળી આવી હતી. દારૂની બોટલ લઈને સચિવાલયમાં ઘુસી ગયેલા જવાન અંગે પોલીસને જાણ કરવામાં આવતા સે-૭ પોલીસે તેની સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરી લઈ પીએસઆઈ વી.એસ. દેસાઈએ ઉંડી તપાસનો દોર શરૂ કર્યો છે.

## વાતવાતમાં

● બુધવારે જિલ્લા પંચાયતની ચુંટણીઓના પરિણામો જાહેર થવાના હોઈ કોંગ્રેસના કાર્યકરો દ્વારા સે-૧૧માં વિજય શોપીંગ સેન્ટર સામેના મેદાનમાં સવારથી મત ગણતરીનું એલઈડી સ્ક્રીન પર લાઈવ પ્રદર્શિત કરવાની વ્યવસ્થા કરાઈ છે. પાટીદાર અનામત આંદોલન ફેકટરના કારણે આ વખતે કોંગ્રેસમાં વિજય મેળવવાનો આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે.

● પેથાપુર ગામે એસટીબસ સ્ટેન્ડ નજીક પાણીની પાઈપલાઈન તુટી ગઈ હોવાથી ગામમાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. પાણી આવતું ના હોવાથી ઘરમાં પીવાના પાણીની વ્યવસ્થા કરતા ગૃહિણીઓને આંખે પાણી આવી ગયા છે.

● સોમવારે બપોરે ગનનું લાયસન્સ મેળવવા બાબતે સચિવાલયના બ્લોક નં. ૨ ખાતે ગૃહ વિભાગમાં દારૂની બોટલ સાથે બીએસએફનો જવાન ઝડપાયો હતો. આ ઘટનાને પગલે સચિવાલયમાં સુરક્ષા સઘન બનાવી દેવાઈ છે પરંતુ આ જવાન મેઈન ગેટમાંથી કેવી રીતે અંદર આવી ગયો તે બાબતે તપાસનો રેલો સુરક્ષા કર્મીઓ સુધી આવી રહ્યો છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આર.જી. કન્યા શાળામાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧

આર.જી. પટેલ કન્યા શાળા દ્વારા આજરોજ શાળા કેમ્પસ ખાતે વિદ્યાર્થીનીઓના ઉજજવળ કારકિર્દી માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં ધો-૯ અને ૧૨ની કુલ ૧૭૦૦થી વધુ વિદ્યાર્થીનીઓએ માર્ગદર્શનનો લાભ લીધો હતો. વિદ્યાર્થીનીઓને આઈ.ટી. એન્જિનીયર ધવલ ગોકાણી દ્વારા કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓને કારકિર્દી ઘડતર માટે આત્મસંતોષ, સમજણ, તૈયારી, પુનરાવર્તન, રજુઆત સહિતની પાંચ મહત્વની બાબતો ધ્યાનમાં લેવા સૂચન કરાયું હતું. આ ઉપરાંત ધો-૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો તેમજ તેમાં રહેલી નોકરીઓની તકો અંગેની વિગતવાર માહિતી અપાઈ હતી. આ અંગેની વેબસાઈટ અને પુસ્તક પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શાળાના આચાર્યા સુધાબેન પટેલ, મનુભાઈ પટેલ, શિક્ષક ગણ અને સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતાં.

# વિશ્વ એઈડસ દિન નિમિત્તે બાળકોની કેન્ડલ માર્ચ



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં આજે તા. ૧લી ડિસેમ્બરે વિશ્વ એઈડસ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સવારે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ તથા એચઆઈવી પોઝીટીવ દર્દીઓ માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા જાગૃતિ રેલી યોજવામાં આવી હતી તેમજ રેલીના સમાપન પ્રસંગે એક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંજના ૭ વાગ્યાના સુમારે સે-૧૯માં સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકો દ્વારા કેન્ડલ માર્ચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એચઆઈવી એઈડસ અંગે સમાજમાં જાગૃતિ ફેલાય તે હેતુથી વિવિધ પ્લે કાર્ડ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે શહેરના માર્ગોપર ફરી હતી. આ રેલીનું સમાપન સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ મેડીકલ કોલેજના લોદરિયા હોલમાં સેમિનાર સ્વરૂપે સમાપન થયું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને વિવિધ તજજ્ઞો દ્વારા એચઆઈવી એઈડસ અંગે વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી. તથા તેનાથી બચવા માટે રાખવાની સાવધાનીઓ અંગે માહિતગાર કરાયા હતા. આ સેમિનાર સમયે સિવિલ હોસ્પિટલ ખાતેના જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા માર્ગદર્શક પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ક્ષય રોગથી પીડાતા દર્દીઓને એચઆઈવી ચેપ લાગવાનો ભય સૌથી વધુ રહે છે. એક તારણ મુજબ ક્ષય રોગના ૬૦ ટકા દર્દીઓ એચઆઈવી એઈડસના ભોગ બને છે. સિવિલ હોસ્પિટલ ખાતે એચઆઈવી પરિક્ષણ કેન્દ્રમાં ચાલુ વર્ષે કુલ ૮૦૩૯ દર્દીઓનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૧૬૨ દર્દીઓને એચઆઈવી પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત હવે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સગર્ભા માતાને એચઆઈવીનું પરિક્ષણ ફરજિયાત કરાવવાનો આગ્રહ રાખવામાં આવતો હોઈ ચાલુ વર્ષે કુલ ૯૭૪૭ માતાઓનું પરિક્ષણ કરાયુંહતું. જેમાંથી ૧૧ માતાઓ તેમજ એક નવજાત શિશુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

એઈડસ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી સે-૧૯માં આવેલા એચઆઈવી પોઝીટીવ બાળકો માટેના સ્પેશ્યલ ચાઈલ્ડ હોમ દ્વારા સાંજે ૭ વાગે કેન્ડલ માર્ચનું આયોજન કરી વિશ્વ એઈડસ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

## બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન

સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ગુજરાતનું સૌથી મોટું જીવનસાથી પસંદગી સંમેલન તા. ૨૧-૧-૨૦૧૬ના રોજ બપોરે ૧.૩૦ કલાકે ટાગોર હોલ પાછળ, મ્યુઝિયમ પાલડી, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ છે. આ સંમેલનમાં ફકત રૂ. ૫૧માં ઉમેદવાર અને માતા પિતાના ભોજન તેમજ ચા કોફી નાસ્તાની વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત તમામ ઉમેદવારોની માહિતીવાળી કીટ પણ ફ્રી આપવામાં આવશે. આ ફોર્મ બ્રહ્મભવન, સે-૧૬ ખાતેથી સવારે ૧૦ થી ૧૨ તેમજ સાંજે ૪ થી ૬ દરમિયાન મળી શકશે. જે તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ભરીને પરત કરવાના રહેશે તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

# પરિણામ આવ્યા પહેલા જ કોંગ્રેસ ગેલમાં...!!!

## ચૂંટણી જીતતા જ બીજી દિવાળી ઉજવવાના મુડમાં કોંગ્રેસી કાર્યકરો : ફટાકડાં-ઢોલ નગારા વગેરેની વ્યવસ્થા કરાઈ : બંને પક્ષ દ્વારા ખરીદી કરાતા ફટાકડા બજાર ગરમ

ગાંધીનગર, તા.૧

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂટણીમાં થયેલા ભારે મતદાન બાદ આજે મત ગણતરી હાથ ધરવામાં આવનારી છે ત્યારે જીતના દાવાઓ કરતા ભાજપ અને કોંગ્રેસે જીતની ઉજવણી માટે ફટાકડાની ખરીદી કરી લીધી છે અને આવતીકાલે આવનાર પરિણામની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લાંબા સમય બાદ કોંગ્રેસે પણ ફટાકડાની ખરીદી કરી લીધી છે હવે જોવાનું રહ્યું કે કયા પક્ષના ખરીદેલા ફટાકડા ફુટયા વગરના રહે છે.

ગાંધીનગર સહિત રાજયભરમાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટેની મતગણતરી હાથ ધરાશે ભાજપ અને કોંગ્રેસે જીતના મજબુત દાવાઓ કર્યા છે. મતદાન શું થશે, બોસ કોણ આવશે તેવી ચર્ચાએ હાલ ભારે ઉત્તેજના જગાવી છે.

બીજી તરફ ઘણા લાંબા સમય બાદ મતદારોનો કોંગ્રેસને સહારો મળતા તેઓ પણ ગેલમાં આવી ગયા છે.



ગાંધીનગર શહેરમાં ભાજપ અને કોંગ્રેસે જીત માટેની ઉજવણી માટે જથ્થાબંધ ફટાકડાની ખરીદી કરી લીધી છે. જીતની ઉજવણીની પૂર્વ તૈયારીરૂપે કોંગ્રેસ કાર્યકરો હાલ ફટાકડાની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. આથી હાલ ફટાકડાના બજારોમાં પણ તેજીનો માહોલ જોવા મળ્યો છે તેવું ફટાકડાના વેપારી સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સ્થાનિક સ્વરાજયની ચૂટણીમાં કયા પક્ષની જીત થશે અને કયા પક્ષના કાર્યકરો જીતની ઉજવણી માટે ફટાકડા ફોડી આતશબાજી કરશે અને કયા પક્ષના લાવેલા ફટાકડાના પડીકા પેક જ પડયા રહેશે તે આવતીકાલે બપોર સુધીમાં ખબર પડી જશે.

બંને પક્ષના કાર્યકરો હાલ તો ભારે ઉત્સુક થઈ રહ્યા છે. નવાઈની અને ચર્ચાની વાત એ છે કે કોંગ્રેસને ફટાકડા ફોડવાનો વારો લાંબા સમય બાદ કદાચ આવશે.

## ચિરવિદાય

● સ્વ. મણીલાલ ગોવિંદલાલ ભાવસાર, ઉ.વ. ૭૦

● સ્વ. અરખીબેન વજેસિંહ મકવાણા, ઉ.વ. ૬૦